**<u>સુરતની શ્રમ અદાલત નં.૩ ના પ્રમુખ અધિકારીશ્રી કે.જી.પટેલ સાહેબ સમક્ષ.</u>**

**રીકવરી (સી–૧) અરજી નં.૦૨/૨૦૨૨**
**આંક–૧૩**

**અરજદાર :** **શ્રી શ્યામલાલ રામલખન વર્મા**

રહે. C/o રઘુભાઈની ચાલ, રૂમ નં.૧૬, બીજા માળે, ગોકુળનગર,

જેસલ મીલની પાસે, કડોદરા, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૫.

મુળ વતન : ગામ. પુર્ણપુર, તહેસીલ. અમેઠી, થાના. અમેઠી, બડા પો.અમેઠી.

છોટા પો.વિસેશરગંજ, જી.સુલ્તાનપુર, સ્ટેટ. યુ.પી.

C/o સુરત સિલ્ક લેબર યુનિયન રજી. નં.જી–૧૧૭૭,

ઠે.૧૧૧, ડો.આંબેડકર કોમર્શીયલ સેન્ટર, રીંગરોડ, સુરત.

**//વિરુધ્ધ//**

**સામાવાળા :** **ગણેશલક્ષ્મી પ્રોસેસર્સ પ્રા. લી.**

ઠે.પ્લોટ નં.૧૭૬/પી, અજંટા સીનેમાની પાછળ, મુ.પો.કડોદરા,

તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૫.

**પ્રતિનિધિત્વ :**

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા

સામાવાળા તરફે : વિ.વ.શ્રી એચ.એસ.પંડયા

**વિષય:** **<u>આઈ.ડી. એકટ, ૧૯૪૭ની કલમ–૩૩(સી)(૧) મુજબની રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા બાબતની અરજી.</u>**

**–:હુકમ:–**

આ કામે અરજદારે આંક–૧૨ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે. જે વિડ્રો પુરસીસ વંચાણે લેતાં સદર કામમાં સામાવાળા સંસ્થા સાથે અરજદાર કામદારનું ખાનગી રાહે સુખદ સમાધાન થયેલ હોઈ અને સામાવાળા સંસ્થા તરફથી અરજદારને નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.અ.નં.૩૧૬૪/૨૦૨૫ ના હુકમ મુજબ તેઓના કાયદેસરના બાકી નીકળતા હકકોના નાણાં ચેકથી ચુકવી આપેલ હોય જેથી સદર કામ અરજદાર આગળ ચલાવવા માંગતા ન હોય,

જેથી સદર કામ પાછું ખેંચવા માટે પરવાનગી આપવા અરજ ગુજારેલ છે. આમ, સદર કામ અરજદાર આગળ ચલાવવા માંગતા ન હોઈ અરજદારને સદર કામ પાછું ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને સદરહુ અરજી વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૬ માહે—એપ્રિલ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૪/૨૦૨૬
સ્થળ: સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
Code No. GJ01285
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત નં.૩, સુરત.